## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*મારે ફૂંફાડા ને જીભ તો લબકાર કરે છે,*
*ખાય છે ખોંખારા કોરોના લલકારકરે છે*
*લટકાવી છે ફાંસીએ, ને ગૂંગળાવે પ્રાણ -*
*સંતોષ નથી હજી જીભ લપકાર કરે છે...*
*(કોરોનાનો અજગરી ભરડો)*

**હાઈકુ**

*રહ્યા નિંદ્રામાં,*
*જાગતા ન તંદ્રાથી -*
*મરે ફંદાથી...*
*(અસાવદ લોકો...)*

*સાવધાની ને,*
*જાગૃતિ છે જરૂરી -*
*છે છાનો વેરી...*
*(ગુપ્ત દુશ્મન કોરોના)*

### ચિંતન

***એકઃ સ્વાદુ ન ભુંજીત, એકો અર્થાન્ન, વિચિન્તયેત ।***
***એકો ન ગચ્છેદ ધ્વાનં, નૈકઃ સુપ્તેષુ જાગૃયાત્ ॥***

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

માણસે એકલા એકલા કે એકાન્તમાં, સ્વાદિષ્ટ ભોજન ન કરવું. એકલા ન ખાવું, કોઈ કાર્યની રચના, આયોજન, વિચારણા એકલાએ ન કરવી. લાંબો પંથ, મુસાફરી, સફર એકલાએ ન જવું. અનેક જણ સાથે સમૂહમાં સૂતા હોય ત્યારે એકલાએ વહેલા ઊઠી ન જવું.

અહીં વ્યવહારમાં ઉપયોગી સોનેરી અને બુદ્ધિપૂર્વકની શિખામણ આપવામાં આવી છે.

જૂના જમાનામાં ખાવામાં ઝેરી પદાર્થો આપી વૈરભાવ કે રાજરમત ખેલાતાં અને આજે ટ્રેનમાં, મુસાફરીમાં પણ ઘેનવાઓળા ખોરાક આપી દેવામાં આવે છે. આથી એકલાએ કંઈ ખાવું નહીં એ સાવચેતી છે, નવા સાહસ, કાર્ય કરતાં પહેલાં અનુભવીઓ અને જાણકારોની સલાહ લઈ આયોજન અને અમલ કરવો.

જૂના વખતમાં પગે ચાલીને એક ગામથી બીજે ગામ જતા ત્યારે તો સથવારાની જરૂર રહેતી જ. આજે પણ લાંબા પ્રવાસમાં સાથે વિશ્વાસુ વ્યક્તિ હોય તો ટિકિટ લેવામાં, સામાન સાચવવામાં, જગ્યા સાચવવામાં, બોલાચાલીમાં ટેકો રહે છે. એકલાએ મુસાફરી ન કરવી.

### સુવિચાર

- પ્રકૃતિને સિર્ફ દોહી રાસ્તે દિએ હૈ... યા તો દેકર જાયેં...
  યા ફિર છોડકર જાયે... સાથ લે જાને કી કોઈ વ્યવસ્થા નહીં હૈ - **મંઝર આલમ**
- આરામને નહીં જુસ્સાને ચાહો - **અર્લ નાઈટીંગલ**
- અધૂરી માહિતી ભયનું કારણ છે, પૂરતી સમજ નિર્ભયતા લાવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પડો ત્યારે પીઠના બળે પડજો, તો નજર ઊંચી રહેશે,
  અને ઊભા થઈ શકશો - **લેસ બ્રાઉન**
- દરેક નિષ્ફળતામાં દાયકાનાં બીજ હોય છે - **નેપોલિયન હિલ**
- સફળતા માટે આ ચાર મહત્ત્વની બાબત જરૂરી છે :
  કાર્ય, પ્રાર્થના, વિચાર અને શ્રદ્ધા - **નોર્મન વિન્સેન્ટ પેલ**
- આજનું ઔષધ : સરસવના તેલની સાથે કોપરેલ મિક્સ કરી બાળકોને છાતી પર માલીશ કરવાથી શરદી ખાંસીમાં તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પુનિત મહારાજને ભારતીય સંસ્કૃતિની પરંપરાને પુનર્જીવિત કરવા શું કરવું ? એમણે મહારુદ્ર કરવાનો વિચાર કર્યો. આ વાત કેટલાક સુધારકોના મનમાં ખટકી. એમણે પુનિત મહારાજને કહ્યું, 'અત્યારના આવા વિપરીત સંજોગોમાં આવા યજ્ઞ કરવા શું વ્યાજબી છે ? યજ્ઞમાં કેટલો બધો ખર્ચ થાય? ઘી નો બગાડ થાય, અનાજનો બગાડ પણ થાય અને છતાં એની ફલશ્રુતિ શું ?' પુનિત મહારાજે એ ભાઈની સામે જોયું અને પછી જરા પણ વિચલિત થયા વગર કહ્યું, 'ભાઈ, તમે રાજકારણમાં હશો એવું મને લાગે છે અને રાજકીય અધિવેશન તમે ભરો છો કે નહીં ?? પેલા સુધારકનો જવાબ 'હા, જી હું રાજકારણ સાથે સંકળાયેલો છું. અને રાજકીય અધિવેશન જરૂરી છે. જેનાથી જનજાગરણ થાય છે. અને પ્રજામાં ચેતન પણ આવે છે.' પુનિત મહારાજે કહ્યું, 'તો મહાશય, જેમ તમારું રાજકીય સંમેલન ભરાય છે તેમ આ મહારુદ્ર એ અમારું ધર્મસંમેલન છે. આવા યજ્ઞથી પ્રજાની શિથિલ થયેલી ધર્મચેતના સતેજ થાય છે. બોલો, આમાં ખોટો ખરચ કયાં આવ્યો ? અને તમે મહાસંમેલન યોજીને જે ભપકો કરીને ધનનો ધુમાડો કરો છો છતાં અમે કદી વિરોધ નથી કર્યો. તો પછી અમારી શ્રદ્ધા અને ભાવના પ્રમાણે ધર્મોત્સવ ઊજવીએ ત્યારે શા માટે તમારે ગમે તેમ બોલવું જોઈએ. સૌને પોતપોતાની માન્યતા મુજબ જીવવાનો બરાબરનો અધિકાર છે.' રાજકારણી સુધારકને પુનિત મહારાજની વાત બરાબર સમજાઈ ગઈ.

# ભારત જંગ જીતી જ જશે

**તંત્રીસ્થાનેથી...**

આખી દુનિયા કોરોના સામે જંગે ચડી છે અને યુરોપ સહિત અમેરિકા જેવી મહાસત્તા ત્રાહિમામ પોકારી ઊઠી છે ત્યારે એ બધાની સરખામણીમાં ભારત બહુ ઝડપથી કોરોના સંક્રમણ સામે વિજય મેળવી લેશે એવી આગાહી ખુદ ચીને કરી છે. શરુઆત ચીનથી જ થઈ હતી. કોરોના વાઈરસ ચામાચીડિયાના સૂપથી માનવીના શરીરમાં પ્રવેશ્યો અને પછી સતત મલ્ટીપ્લાય થતો આખી દુનિયાને ભરડામાં લઈ રહ્યો છે. દુનિયાની બીજા નંબરની વસતિ ધરાવતો દેશ એની અસરથી બાકાત ન જ રહી શકે તે સમજી શકાય એમ છે. પરંતુ જે રીતનાં પગલાં લેવાયાં, પ્રજાને શિસ્તબદ્ધ કરી શાસનના નિર્દેશોને માથે ચડાવ્યાં તે જોતાં કોરોના સંક્રમણની સાંકળી તૂટતાં ઝાઝી વાર નહીં લાગે એવી આશા આસ્થાને નથી. કોરોનાથી સંક્રમિત દરદીઓની સંખ્યા આટલા દિવસો પછી હજી હજારના આંક પર નથી પહોંચી આ લખાઈ રહ્યું છે ત્યાં સુધીનો મૃત્યુ આંક તેર છે, જે પૈકી ત્રણ મૃત્યુ ગુજરાતમાં થયા છે. સવિશેષ શ્વસનતંત્રને થકવી નાખતો આ ચેપ વૃદ્ધોને ભારે પડી રહ્યો છે. જેમને ડાયાબિટીસ કે દમ જેવી તકલીફ હોય, હૃદયરોગ અને ઊંચું લોહીનું દબાણ રહેતું હોય કે પછી કેન્સર જેવી લાંબી બિમારીથી પીડાતા હોય એવા દરદીઓને આ ચેપ જોખમ ઊભું કરે છે. કોરોના સામે સૌથી વધુ જાગૃત રાજકીય નેતાઓમાં ગમે કે ન ગમે તો પણ રાહુલ ગાંધીનું નામ મોખરે મૂકવું પડે. અલબત્ત, એમણે ઘણી વહેલી આગાહી કરી હતી કે ભારતના માથે ભારે સંકટ આવી રહ્યું છે અને એ 'સુનામી'માં ધ્યાન નહીં રાખીએ તો આપણું ધનોતપનોત નીકળી જશે. એમણે ચિદમ્બરમ જેવા કોંગ્રેસી અગ્રણીઓએ લોકડાઉન વાળું પગલું વહેલું ભરવાની જરૂર હતી, એવી વાત પણ કરી છે. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે કદાચ કોઈ પણ રાજયના મુખ્યમંત્રી કરતાં વહેલું અસરકારક કાર્ય કરી બતાવ્યું છે જેનું સાનુકૂળ પરિણામ પણ જોઈ શકાય છે. વસતિથી ઊભરાતા દિલ્હીમાં પ્રમાણમાં ઈન્ફેકશન ઘણું ફેલાયું છે એની અગમચેતીને કારણે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનતા કર્ફ્યૂ અને એ પછીના વધુ અસરકારક ૨૧ દિવસના લોકડાઉનને કેજરીવાલે ઉમળકાપૂર્વક આવકાર્યું છે. શાહીનબાગના હડતાળીઓ કે સત્યાગ્રહીઓને બળજબરીપૂર્વક ઉઠાડી મૂકવાના પગલાનું પણ કેજરીવાલે આ સંજોગોમાં સમર્થન કર્યું છે. કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ રાજકીય પક્ષાપક્ષીથી દૂર રહી વડાપ્રધાનના ૨૧ દિવસના લોકડાઉન નિર્ણયનું સમર્થન કર્યું છે. વળી એમણે આ દિવસો દરમિયાન થનાર આર્થિક નુકશાન સંદર્ભે પણ સરકાર છ માસ માટે ઈએમઆઈ પાછી ઠેલે તેમ જ બેન્કો વ્યાજ કરે એવી અપેક્ષા રાખી છે. નિર્મલા સિતારામણ આ મુદ્દે ખાસ જાહેરાત કરી રહ્યા છે. કોઈ પણ પ્રજા માટે મુસીબત વખતે તમામ મતભેદો બાજુએ મૂકી મુસીબતનો મુકાબલો કરવો એ જ પ્રાથમિકતા હોવી જોઈએ. ભારતીય પ્રજામાં અને પ્રજાના પ્રતિનિધિઓમાં આ સમજણ છે. સૌથી મોટી ચિંતા રોજનું કમાઈ રોજ ખાનારા ગરીબ મજૂર વર્ગનું છે. એ માટે પણ રાજયોએ પોતપોતાની રીતે વ્યવસ્થા ગોઠવી છે, પરંતુ એનું સુચારું ઢબે અમલીકરણ થાય તે જરૂરી છે. ઉદ્યોગોને ફરજિયાત વાપરવી પડતી રકમ કોરોના સંક્રમણ અટકાવવા માટે ખર્ચવાની છૂટ અપાઈ છે. આગામી દિવસોમાં કોરોના સામેની આ લડાઈ નિર્ણાયક તબક્કામાં પહોંચશે તે નક્કી છે. નિરાશાજનક રિપોર્ટો અને મીડિયાના હાઉની સામે જીવ માત્રમાં કુદરતે મૂકેલી પ્રબળ જિજીવિષા અને ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરી વિજયી થવાની ઈચ્છા - વિજિગીષાઃ આ બે વાનાં ખૂબ અગત્યનાં છે. આ બેઉ વાનાં આપણી પ્રજામાં અનુસ્યૂત છે. આશા રાખીએ કે આ કસોટીમાંથી ઈશ્વર દેશને બહુ જ જલદી ઉગારી લે. કોરોના વાઈરસની સાથોસાથ કાશ્મીરથી કેરળ સુધી જાગૃતિ ફેલાઈ ચૂકી છે એનો મહિમા કરીએ.

# 'સુંદરકાંડ'નું સુંદર અંશો

**અમર વારસો**



ડૉ. રશ્મિકાન્ત મહેતા

એ દિવસ પણ રામનવમીનો હતો. (ઈ.સ.૧૫૭૫) ગોસ્વામી શ્રીમદ્ તુલસીદાસજી અયોધ્યામાં હતા. આ દિવસ એમણે 'રામચરિત માનસ'ની રચના શરૂ કરી. અહીંયાની જ લોકબોલી અવધીમાં કાવ્ય રચાતું ગયું. ૨ વર્ષ, સાત માસ અને ૨૬ દિવસમાં કાવ્ય પૂર્ણ થયું. આમાંના 'સુંદરકાંડ'ના પાઠનું મહત્ત્વ ચૈત્ર મહિનામાં વિશેષ છે.




આ સુંદરકાંડના કેટલાક સુંદર અંશો આ પ્રમાણે છે :

(૧) હે ભાઈ ! ત્રાજવાંના એક પલ્લામાં સ્વર્ગ અને મોક્ષનાં બધાં સુખ આપણે મૂકીએ, અને બીજામાં માત્ર એક પળનો સત્સંગ જ મૂકીએ તો પણ સત્સંગનું પલ્લુ નમી જાય. સત્સંગની તોલે કશું આવી જ ન શકે. (૪)

(૨) હે રાવણ ! તું સાંભળી લે. આગિયો ચમકે, એનાથી કોઈ કમલિનીનો વિકાસ થઈ જાય ? આ જાનકી કહે છે, તે મનમાં સમજી લે. અરે દુષ્ટ ! તને રઘુવીરનાં બાણની ખબર નથી. અરે શઠ! તું મને એકલી હતી,ત્યારે ઉપાડી લાવ્યો અરે અધમ! નિર્લજ્જ ! તને શરમ આવતી નથી ? (૯)

(૩) આ ચંદ્રમા અગ્નિમય છે. તેમ છતાં, 'હું અભાગણી છું.' એમ માનીને આગ વરસાવતો નથી. હે અશોકવૃક્ષ! તું મારી વિનંતી સાંભળ. મારા મનનો શોક હરી લે અને તારું નામ સાર્થક કર. (૧૨)

(૪) સારા માણસની અવગહાના કરી હોય, તો આવું જ ફળ મળે, આખું નગર, જાણે કે અનાથ હોય, તેમ બળી ગયું. એક પળમાં નગર બાળી નાખ્યું. એક માત્ર વિભીષણનું ઘર ન બળ્યું (૨૬)

(૫) જાંબુવન્તે કહ્યું, 'સાંભળો રઘવાય ! હે નાથ ! તમે જેના ઉપર દયા કરો છો, તેને હંમેશાં નિરંતર શુભકુશળ જ હોય છે. એના ઉપર જ માણસો, મુનિઓ અને દેવો પ્રસન્ન હોય છે.' (૩૦)

(૬) તારા કુળનાં કમળવન માટે, સીતા શિશિરઋતુની રાત્રિ હોય એવી રીતે આવી છે. દુઃખ આપનારી છે, હે નાથ ! સાંભળી લો. સીતાને પાછી સોંપ્યા વિના, શિવ કે બ્રહ્મા કોઈ તમારું હિત નહી કરી શકે (૩૬)

(૭) મમતા અંધારી રાત છે. એ રાગદ્વેષના ઘૂવડોને આનંદ આપે છે. જયાં સુધી હૃદયમાં પ્રભુનો પ્રતાપનો સૂર્ય ઉગ્યો નથી હોતો. ત્યાં સુધી જ એ, જીવના મનમાં રહે છે (૪૭)

(૮) હે નાથ ! ભાગ્યનો ભરોસો શું કરવો ? મનમાં રોષ લાવીને સાગર ને સૂકવી નાખો. દૈવ તો કાયર પુરુષોને આધાર છે. આળસુ લોકો જ 'દૈવ' 'દૈવ' એ રીતે પોકાર્ય કરે છે. (૫૧)

(૯) ત્રણ દિવસ વીતી ગયા, પરંતુ સાગરે રામના વિનયને માન્યો નહીં, ત્યારે રામે ક્રોધ સાથે કહ્યું - 'ભય બતાવ્યા વિના પ્રીતિ થતી નથી.' (૫૭)

(૧૦) મોહમાયામાં રચ્યાપચ્યા હોય, એને જ્ઞાન આપવું, અતિશય લોભિયાને વૈરાગ્યની વાતો કરવી; ક્રોધીને શાંતિનો ઉપદેશ આપવો; કામી પુરુષોને શ્રી હરિની કથા કહેવી; આ બધાનું પરિણાણ, વેરાન જમીનમાં બીજ વાવવા જેવું છે (૫૮)

(૧૧) રઘુનાથના ગુણોનું ગાન તમામ પ્રકારના શુભમંગળને આપનારું છે. જે કોઈ આને આદર પૂર્વક સાંભળે છે, તે સહુ વગર નૌકાએ સંસારના સાગરને થરી જશે. (૬૦)

સમગ્ર 'સુંદરકાંડ'માંથી પસંદ કરેલા આ તો માત્ર ઉદાહરણો જ છે.

# અનુવાદ અને પ્રવાસ લેખનમાં કયા સાહિત્યકારનું પ્રદાન વિશેષ છે ?

**ખજાનો**



અનિલ પટેલ

## ગુજરાતી સાહિત્ય

૧ ઉમાશંકર જોષી રચિત 'શ્રાવણી મેળો'નું સાહિત્યિક સ્વરુપ કયું છે ?
(અ) નાટક (બ) ટૂંકી વાર્તા
(ક) કરુણ પ્રશસ્તિ (ડ) નિબંધ

૨ જાણીતી સાહિત્યિક કૃતિ 'તણખા મંડળ'કોની રચના છે ?
(અ) ગૌરી શંકર જોષી 'ધૂમકેતુ' (બ) દલપતરામ
(ક) ચંદ્રવદન મહેતા (ડ) ક.મા. મુનશી

૩ વસંતોત્સવ કાવ્યના કવિ કોણ છે ?
(અ) કલાપી (બ) નરસિંહ રાવ દિવેટીયા
(ક) સુંદરમ્ (ડ) ન્હાનાલાલ

૪ 'પીળું ગુલાબ'નું સાહિત્ય સ્વરુપ શું છે ?
(અ) નાટક (બ) ખંડ કાવ્ય
(ક) નવલિકા (ડ) નવલકથા

૫ 'જુમો ભિસ્તી' નવલિકાના લેખક કોણ છે?
(અ) રમેશ પારેખ (બ) ધૂમકેતુ
(ક) જયંત પાઠક (ડ) હરિન્દ્ર દવે

૬ 'ગાંધીની કાવડ' નવલકથાના લેખક કોણ છે ?
(અ) હરીન્દ્ર દવે (બ) સરોજબેન પાઠક
(ક) બકુલ ત્રિપાઠી (ડ) ગુણવંત શાહ

૭ અનુવાદ અને પ્રવાસ લેખનમાં કયા સાહિત્યકારનું પ્રદાન વિશેષ છે ?
(અ) ગુણવંત શાહ (બ) ચંદ્રકાન્ત બક્ષી
(ક) ભોળાભાઈ પટેલ (ડ) હિમાંશી પટેલ

૮ 'હૈયુ ખોલીને હસીએ'ના લેખક કોણ છે ?
(અ) રતીલાલ બોરીસાગર (બ) જયોતિન્દ્ર દવે
(ક) બકુલ ત્રિપાઠી (ડ) સુરેશ જોષી

૯ જાણીતી નવલકથા 'પેરેલિસિસ'ના સર્જક કોણ છે ?
(અ) હરિન્દ્ર દવે (બ) કાકા સાહેબ કાલેલકર
(ક) બકુલ ત્રિપાઠી (ડ) ચંદ્રકાન્ત બક્ષી

૧૦ નીચેનામાંથી કઈ કૃતિ ગિરીશ ગણાત્રાની છે ?
(અ) રખળવાનો આનંદ (બ) વિરાટનો વિનાશ
(ક) આંસુ ભીનો ઉજાશ (ડ) શબ્દલોક

૧૧ 'અંધારી ગલીમાં સફેદ ટપકા'ના સર્જક કોણ છે ?
(અ) હિમાંશી પટેલ (બ) પ્રજ્ઞા પટેલ
(ક) પ્રિયકાંત મણિયાર (ડ) રાવજી પટેલ

૧૨ મધુસૂદન પારેખનું ઉપનામ શું છે ?
(અ) સુંદરમ્ (બ) ધુમકેતુ
(ક) પ્રિયદર્શી (ડ) ઉશનસ્

૧૩ 'પૃથ્વીચંદ્ર ચરિત્ર' કોની કૃતિ છે ?
(અ) ભાલણ (બ) માણિક્યસુંદર સૂરિ
(ક) પ્રીતમદાસ (ડ) ભાણદાસ

૧૪ કયા સાહિત્યકાર અખાને 'હસતો કવિ' કહેતા ?
(અ) ઉમાશંકર જોષી (બ) પન્નાલાલ પટેલ
(ક) રા. વિ. પાઠક (ડ) જયોતિન્દ્ર દવે

૧૫ નરસિંહ અને મીરાં માટે 'ખરાં ઈલ્મી, ખરાં શૂરાં' શબ્દ કોણે વાપર્યા છે ?
(અ) કિશોરલાલ મશરુવાળા (બ) કવિ નર્મદ
(ક) કવિ કલાપી (ડ) નરસિંહ રાવ દિવેટીયા

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૭ માર્ચ : આંતરરાષ્ટ્રીય રંગમંચ દિવસ**
  - ક્ષ-કિરણોના શોધક મહાન વૈજ્ઞાનિક વિલિયમ રોન્ટજનનો જનમદિવસ (૧૮૪૫)
  - નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર, જોસેફ મેકવાનનું નિધન (૨૦૧૦)
  - હાર્વે કેનેડીએ ભૂટની દોરીની શોધ કરી (૧૭૯૦)
- **૨૮ માર્ચ :**
  - રશિયાના મહાન સાહિત્યકાર મેક્સિય ગોર્કીનો જન્મદિવસ (૧૮૬૮)
  - જનસત્તા-લોકસત્તાના પૂર્વમંત્રી વાસુદેવ નારણભાઈ મહેતાનો જન્મદિવસ (૧૯૧૭)
  - રાજયના પૂર્વ મુખ્ય સચિવ પી.કે લહેરીનો જન્મદિવસ (૧૯૪૫)
  - ભારતીય ટેસ્ટ ક્રિકેટની પહેલી કલબ સેન્ચ્યુરી કરનાર પોલી ઉમરીગરનો જન્મ દિવસ (૧૯૨૬)
- **૨૯મી માર્ચ :**
  - નોબેલ પારિતોષિક વિજેતા વિશ્વ વિખ્યાત ભૌતિકશાસ્ત્રી ડૉ. વિલિયમ લોરેન્સ બેગનો જન્મદિવસ (૧૮૯૦)
  - બોલીવૂડના મશહૂર કોમેડિયન ઉત્પલ દત્તનો જન્મદિવસ (૧૯૨૯)
  - અમેરિકન અંતરીક્ષયાન મેરીનર-૧૦એ બુધ ગ્રહની પ્રથમ તસ્વીર મોકલી (૧૯૭૪)
  - કામકાજના સ્થળે ધુમ્રપાન પર પ્રતિબંધ લગાવનાર આયર્લેન્ડ દુનિયાનો પ્રથમ દેન બન્યો (૨૦૦૪)
- **૩૦ માર્ચ : રાજસ્થાન સ્થાપના દિવસ**
  - સ્વામી શ્રદ્ધાનંદનો જન્મદિવસ (૧૮૫૬)
  - રિડર્સ ડાયજેસ્ટ મેગેઝીનના આધ્ય સ્થાપક વિલિયમ વોલેસનું નિધન (૧૯૮૧)
  - ગીતકાર આનંદબક્ષીનું નિધન (૨૦૦૨)
  - બ્રિટનના પૂર્વ રાણી એલિઝાબેથ 'મધર ક્વીન'નું નિધન (૨૦૦૨)
- **૩૧ માર્ચ :**
  - ગાંધીજીના પરમ મિત્ર અને સમાજસેવી ડૉ. હરિપ્રસાદ દેસાઈનું નિધન (૧૯૫૦)
  - સાહિત્યકાર અને કેળવણીકાર હરગોવિંદદાસ કોશવાળાનું નિધન (૧૯૩૦)
  - લોકસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ મીરાંકુમારનો જન્મદિવસ (૧૯૪૫)
  - ચેસની સ્પર્ધામાં ભારતની સૌથી યુવાન ગ્રાન્ડ માસ્ટર બનેલી કોનેરુ હમ્પીનો જન્મદિવસ (૧૯૮૭)
- **૧ એપ્રિલ : વાયુસેના દિવસ / એપ્રિલફુલ દિવસ**
  - સમાજસુધારક અને લોક સાહિત્યકાર મેરુભા ગઢવીનું નિધન (૧૯૭૭)
  - ભારતમાં આવકવેરાની શરુઆત થઈ (૧૮૮૬)
  - ભારતમાં રીઝર્વ બેન્કની સ્થાપના થઈ (૧૯૩૫)
  - દેશભરમાં દશાંસ તોલમાપ ફરજિયાત થયા (૧૯૬૨)
- **૨ એપ્રિલ :**
  - ટેલીગ્રાફના શોધક સેમ્યુઅલ મોર્સનું નિધન (૧૮૭૨)
  - હરિન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયની જન્મજયંતિ (૧૮૮૬)
  - ફિલ્મ સ્ટાર અજય દેવગનનો જન્મદિવસ (૧૯૬૯)
  - ક્રિકેટર અને રાજકારણીના પૂર્વ મહારાજ ફતેસિંહનો જન્મદિવસ (૧૯૩૦)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**તાજેતરમાં કયા પૂર્વ ચીફ જસ્ટીસને રાષ્ટ્રપતિએ રાજયસભાના સદસ્ય તરીકે નિયુક્ત કર્યા? જવાબ : રંજન ગોગોઈ**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) મહેશ જાદવ : રાયસણ (૫) રુચિત પટેલ : ગાયત્રી રેસી. (૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૭) ઠાકોર કિરણ બી : સે-૨૪ (૮) મિત્ત પટેલ : સે-૨૩


**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**કોરોના વાઈરસના ચેપની શરૂઆત ચીનના કયા શહેરથી થઈ હોવાનું મનાય છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# આવું હશે... ૨૧મી સદીનું પાઠ્યપુસ્તક!

**રંગ-ઉમંગ**



કાનન ઓઝા

અહિં ભવિષ્યના પાઠ્યપુસ્તક અંગેની કલ્પનાઓ રજૂ કરવામાં આવી છે. જે સાચી ઠરવાની જ છે જેમાં લેશ માત્ર શંકા નથી. આવતા વર્ષોમાં પાઠ્યપુસ્તકમાં ક્રમશ : ફેરફાર થતો તમને જોવા મળશે. તો કેવા હશે ફેરફારો સાથના પાઠ્યપુસ્તકો ?

હવે પછી ખૂબ જ ટૂંકાગાળામાં પાઠ્યપુસ્તકો વિવિધ રંગ અને કદના અક્ષરો, બેકગ્રાઉન્ડ અને આકૃતિઓ સાથે હશે. એટલે પાઠ્યપુસ્તકમાં વિવિધ વિષયવસ્તુને ઉપસાવા માટે જુદા જુદા રંગમાં અક્ષરો સાથે. સાથે જરૂર પડે રંગીન બ્રેકગ્રાઉન્ડમા છાપકામ થયેલું હશે. આકૃતિઓનું કદ યોગ્યમાત્રામાં હશે. જેથી વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે. આકૃતિઓ દ્વિપરિમાણમાં દર્શાવેલ હશે. આમ તો નાના ધોરણોમાં ઉપરોક્તમાંથી કેટલીક બાબતો જોવા મળે છે, પરંતુ હવે પછી ઉપલા ધોરણોમાં પણ તેનો અમલ થશે જ. એટલું જ નહીં, ઉપરોક્ત તમામ બાતો તમામ પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ હોતી નથી. જે હવે પછીના વર્ષોમાં જોવા મળશે.

થોડા વર્ષો પછી મોટાભાગના વિદ્યાર્થીઓ કમ્પ્યૂટરથી પરિચિત બની ગયા હશે. એટલે કે તેઓ કમ્પ્યૂટરની મદદ વડે અભ્યાસ કરી શકશે જ. જેથી હવે પછી થોડા જ વર્ષોમાં પાઠ્યપુસ્તક દ્વારા કમ્પ્યુટરનો ઉપયોગ ત્રણ રીતે કરવામાં આવશે. પ્રથમ તો દરેક પાઠ્યપુસ્તકની સાથે એક સીડી આપવામાં આવશે. જેમાં પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ઠ બાબતોમાંથી કેટલાંક વિષયવસ્તુ માટે વિવિધ આકૃતિ કે વર્કીંગ મોડેલ દ્વારા જીવંત દશ્યો આપવાં આવેલા હશે.

દા.ત. પ્રયોગો, વાતાવરણ, પ્રદેશો, કેટલીક ઘટનાઓ, જુદા જુદા દેશનું લોકજીવન વગેરે. જેથી વિદ્યાર્થીઓ તેની મદદથી જેતે વિષયવસ્તુ જોઈને સમજી શકે. બીજી બાબત એ હશે કે પાઠ્યપુસ્તક સાથે આપવામાં આવડી સીડી માં પાઠ્યપુસ્તકના વિષયવસ્તુને લગતી અન્ય સંદર્ભ માહિતી પણ હશે. જેથી ઊંડો કે વિસ્તૃત અભ્યાસ ઈચ્છતા વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરી શકે ત્રીજી બાબત એ હશે કે જેમાં આખું પાઠ્યપુસ્તક સીડીમાં જ હશે. જેમાં જે તે પ્રકરણ સાથે જ યોગ્ય જગ્યાએ જીવંત દશ્યો કે અન્ય માહિતીયુક્ત આકૃત્તિઓ કે નમૂનાના ચિત્રો આપેલા હશે. જેથી વિદ્યાર્થી ઈચ્છે ત્યારે પાઠ્યપુસ્તક વગર કમ્પ્યૂટર સામે બેસીને પણ અભ્યાસ કરી શકે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ સ્વપ્રયત્ને મહાવરો કરી શકેતે માટે સ્વાધ્યાય આપતી સીડી પણ હશે. જેમાં વિદ્યાર્થીઓ જે તે પ્રકરણનો અભ્યાસ કરીને તે સ્વાધ્યાય પૂર્ણ કરવાના રહેશે. સીડીમાં જ સ્વાધ્યાયના દરેક પ્રશ્નના જવાબ પણ આપેલા હશે. જેથી વિદ્યાર્થી આપમેળે પોતાનું કાર્યનું મૂલ્યાંકન કરી શકે.

ત્યારપછીના વર્ષોમાં એક જ પાઠ્યપુસ્તકમાં અભ્યાસક્રમના તમામ પ્રકરણોમાં સમાવેશ નહીં થાય, પરંતુ મોડ્યુલની જેમ દરેક પ્રકરણ અલગ અલગ હશે. જેમાં દરેક પ્રકરણની સાથે સીડી તો ખરી જ. કે જેમાં આગળ જણાવેલ વિવિધ બાબતોનો સમાવેશ થતો હોય. પાઠ્યપુસ્તકોમાં પ્રોજેક્ટ્સ,પ્રવૃત્તિઓ અને ફિલ્ડવર્કને પ્રોત્સાહન આપવામાં આવશે. પુસ્તકોમાં જ કેટલાંકત પ્રોજેક્ટ્સ, પ્રવૃત્તિ અને ફિલ્ડવર્ક આપેલા હશે કે જે વિદ્યાર્થીઓ જાતે જ સ્વપ્રયત્ન કરી શકે તેવા હશે.

ત્યાર પછીના વર્ષોમાં કોઈ પણ દેશમાં અન્ય દેશના પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવશે. આપ જાણો જ છો કે થોડા વર્ષો અગાઉ અભ્યાસક્રમમાં પ્રાદેશિકતાને મહત્ત્વ આપવામાં આવતું હતું. ત્યારબાદ અત્યારે રાષ્ટ્રીયતાને મહત્ત્વ આપવામાં આવે છે, હવે પછી આંતરરાષ્ટ્રીયતાને મહત્ત્વ આપવામાં આવશે. જેથી કોઈ પણ વિદ્યાર્થી કોઈ પણ દેશમાં રહીને કોઈ પણ દેશના પુસ્તકોનો ઉપયોગ કરીને અભ્યાસ કરી શકશે. એક જ શાળામાં કે કૉલેજમાં એક જ વર્ગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે જુદા જુદા દેશના ઘણા લેખકોના પુસ્તકો હશે, જેને દરેક યુનિવર્સિટીએ માન્ય રાખવા પડશે.

કમ્પ્યૂટરનો ઉપયોગ વધતાં પાઠ્યપુસ્તકો બજારમાં મળતા હશે તે ઉપરાંત વેબસાઈટ પર પમ મૂકાયેલાં હશે. જેથી વિદ્યાર્થી ઈચ્છે તો વેબસાઈટ પરથી ડાઉનલોડ કરીને પણ પોતે અભ્યાસ કરી શકશે. ત્યારબાદ પાઠ્યપુસ્તક છપાવવાનું ખૂબ જ ઘટી ગયું હશે. પાઠ્યપુસ્તકોને માત્ર વેબસાઈટ પર જ મૂકવામાં આવશે. સરકાર કે પ્રકાશક પાઠ્યપુસ્તકને છપાવવાની ઝંઝટમાં જ નહીં પડે. વેબસાઈટ પર પુસ્તકો મૂકાશે.

ત્યારબાદના થોડા જ સમયમાં અવાજ સાથેના પાઠ્યપુસ્તક હશે. એટલે કે અંધવિદ્યાર્થીઓને અન્ય વ્યક્તિની મદદ લેવી નહીં પડે. ઉપરાંત કોઈ વિદ્યાર્થીને પાઠ્યપુસ્તક વાંચવું નથી પરંતુ પથારીમાં સૂતા સૂતા સાંભળવું છે તો તે સાંભળી પણ શકશે.

ત્યારબાદના પાઠ્યપુસ્તક સાથે એવી ચીપ બનાવવામાં આવી હશે કે વિદ્યાર્થી ઘેર બેસીને જ વર્ગખંડનો અનુભવ કરી શકતો હશે. તેની સામે શિક્ષક વ્યાખ્યાન આપતા હશે. તે પોતાને તેના મિત્રો સાથે બેઠેલો અનુભવતો હશે. તો પુસ્તકને આધારે જવાબ બોલતો હશે, લખતો હશે અને સાંભળતો પણ હશે.